# રાજ્યના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો

## સરકારના આઠ લાખથી વધુ અધિકારી,કર્મચારીઓ અને પેન્શનરોને લાભ : સરકાર પર કુલ ૮૮૦ કરોડનો બોજ

અમદાવાદ, તા. ૧

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્ય સરકારના આઠ લાખથી વધુ અધિકારીઓ-કર્મચારીઓ અને પેન્શનરોને તા.૧-૧-૨૦૧૮ થી બે ટકા મોંઘવારી ભથ્થુ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ મોંઘારી ભથ્થું સપ્ટેમ્બર-૨૦૧૮ના પગાર સાથે ચુકવવામાં આવશે. જેનાથી રાજ્ય સરકાર ને રૂ.૬૮૦ કરોડનો વધારાનો વાર્ષિક બોજ પડશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સરકારી કર્મચારીઓ માટે અનેકવિધ નિર્ણયો કર્યા છે, જેના ભાગરૂપે આ નિર્ણય કરાયો છે તેમ જણાવી નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે રાજ્ય સરકારના ૧,૮૫,૫૭૫, પંચાત વિભાગના ૨,૦૮,૭૭૧ અને ૪,૨૬,૪૧૪ પેન્શનરો મળી, અંદાજીત કુલ ૮,૨૦,૭૬૪ અધિકારીઓ-કર્મચારીઓ અને પેન્શનરોને રાજ્ય સરકારે સાતમાં નાણાં પંચના લાભો મંજુર કરેલ છે, જે મુજબ હાલમાં પગાર તથા પેન્શન ચુકવવામાં આવે છે. અત્રે ઉલ્લેખનિય છે કે રાજ્ય સરકારે તેના અધિકારીઓ-કર્મચારીઓ અને પેન્શનરોને જન્માષ્ટમી તથા આગામી તહેવારોને ધ્યાને લઈને તા.૧-૧-૨૦૧૮ થી બે ટકા મોંઘવારી ભથ્થું રોકડમાં આપવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે ઘરઆંગણે આરોગ્યની સવલતો પુરી પડાશે. મોટાભાગની આયુર્વેદ ડૉકટરોની ખાલી જગ્યા ભરવામાં આવશે. આ સંદર્ભમાં નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્ય સરકાર એલોપેથી સારવારની સાથે સાથે આયુર્વેદ પદ્ધતિથી દર્દીઓને સારવાર મળે તે માટે કાળજી રાખી રહી છે. ઘણા રોગોમાં આયુર્વેદ પદ્ધતિની સારવાર ખૂબ જ કારગત નિવડે છે આથી રાજ્યમાં આયુર્વેદ સારવાર સેવાઓને વ્યાપ વધારવા આરોગ્ય વિભાગે વધારાના ૩૨૭ આયુર્વેદ ડોક્ટરોની નિમણૂંક કરી છે. રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં વસતાં નાગરિકોને ઘર આંગણે જ આરોગ્ય સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. રાજ્યભરના સરકારી આયુર્વેદ દવાખાના અને આયુર્વેદ હોસ્પિટલોમાં ૩૨૭ મેડીકલ ઓફિસરોની નિમણૂંક કરતા હુકમો કરવામાં આવ્યા છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે નાગરિકોને પ્રાથમિક સારવાર સત્વરે પુરી પાડવી એ સરકારની પ્રાથમિકતા રહી છે.

# સે. ૨૪ના રહીશોમાં ફફડાટ... હવે શું થશે..?

### વેપાર અને વસતી વચ્ચે પોતાની મસ્તીમાં મસ્ત રહેતા સતત ધબકતુ સે-૨૪ બુલડોઝરની થપાટથી જાણે થમી ગયુ... : શહેરના સૌથી ગીચ અને ધમધમતા સે-૨૪ માં વેપાર ધંધામાં દબાણ ઝુંબેશથી લાખોનુ નુકશાન : સે-૨૭ સહિતના હાઉસીંગના મકાનોને પણ માર્કીંગ કરી પાકા દબાણોનો ખાતમો કરાશે

ગાંધીનગરમાં સૌથી ગીચ અને ધમધમતા સે-૨૪ માં છેલ્લા એક સપ્તાહથી દબાણતંત્રએ ધામા નાંખતા સેકટરવાસીઓ ઘર બહાર નિકળી ગયા છે. સેકટરમાં અસ્તિત્વ કાળથી સમયાંતરે દબાણોની સંખ્યા એટલી ફેરવી દેવાતા રહેણાંક વિસ્તારમાં પણ ટોઈલેટ સીડી અને ટાંકી સહીતના પાકા દબાણો ઉભા કરીને બેઠેલા સ્થાનિક રહીશોમાં પણ વિશેષ ફફડાટ અને મુંઝવણ છે દબાણ તંત્રનુ બુલડોઝર સેકટરમાં ચારેકોર ફરી રહયુ છે પર બુલડોઝર ફેરવાનુ શરૂ કરાતા સેકટરના જનજીવનમાં એક અજંપા જેવી સ્થિતિ સર્જાઈ છે. સેકટરવાસીઓમાં રોજ સવાર પડતા જ આજે શુ થશે તેનો સળવળાટ ઉભો થાય છે. સેકટરમાં હાઉસીંગના આવાસોની વેપાર ધંધામાં પણ દબાણ ઝુંબેશના અંતે લાખોનુ નુકશાન થયુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરમાં સ્થાનિક રહીશોની સાથે રાજકીય પક્ષના કોર્પારેટરોનો પણ વસવાટ છે. જયારે અન્ય રાજકીય આગેવાનો પણ







હદે વધી જતા આખરે તંત્રએ હાઈકોર્ટના આદેશ બાદ મહાનગરપાલિકાના તંત્રએ હાથ ધરેલી કામગીરી પણ આવકારદાયક અને અનિવાર્ય છે. ત્યારે દબાણના દુર કરવાના મામલે અગાઉ જિલ્લા કલેકટરે પણ તંત્રના અધિકારીઓને સંવેદનશીલ બનવા માટે જણાંવ્યુ હતુ. સે-૨૪ ની ગણના નગરના સૌથી ગીચ અને ધમધમતા સેકટરમાં થાય છે. જયારે છેલ્લા એક સપ્તાહથી સેકટરોમાં પાકા દબાણો પર બુલડોઝરની થપાટો વાગતા સેકટરમાં એકબાજુ સવાર થતા જ દબાણની કામગીરીના સ્થળ પર સ્થાનિકો ટોળે વળી જાય છે. જયારે સાતમ આઠમના તહેવારોના માહોલમાં પણ સેકટરવાસીઓમાં નિરસતા જોવા મળી રહી છે. દબાણ ઝુંબેશ અન્વયે એક બાદ એક પાકા દબાણો વારો પડતા હવે શુ થશે તેવો ભય અને ઈન્તેજારી સૌ સ્થાનિક વાસીઓને સતાવી રહી છે. દબાણ ઝુંબેશથી સ્થાનિકોમાં ફફડાટ પ્રવર્તયો છે. એકબાજુ તંત્ર દ્વારા હાઉસીંગ બોર્ડના મકાનોમાં ચાલતી કોર્મશિયલ દુકાનો પર બુલડોઝર ત્યારે વારો તો પડી જશે..હવે શુ કરીશુ તેવી લાગણી સાથે પાકા દબાણો વચ્ચે ધબકતા સેકટરવાસીઓના રોજીંદા જીવનમાં અનેક પ્રશ્નો સર્જાયા છે. વર્ષ ૧૯૮૨ માં બાંધવામાં આવેલા સેકટરના હાઉસીંગ બોર્ડના મકાનો શ્રીનગર અને હરસિધ્ધનગરમાં બાંધવામાં આવેલા ૯૨૪ મકાનોને અનુલક્ષી બાંધવામાં આવેલી ગણીગાંઠી દુકાનોની સાથે હાલ ૬૦૦ જેટલી દુકાનો ધમધમી રહી છે. જયારે આ ગેરકાયદેસર બાંધકામો સંખ્યા વિશેષ છે. જયારે ગેરકાયદેસર બાંધકામ માટે પણ સ્થાનિકોએ લાખોની લોન લીધી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે દબાણ તંત્રનુ બુલડોઝર પાકા દબાણો પર ફરી વળતા નગરને દબાણમુક્ત કરવાનુ અભિયાન વેગવાન બન્યુ છે. તો બીજીતરફ સેકટરના સ્થાનિકોને તહેવાર ટાંણે હતાશા ઘેરી વળી છે. કોર્મશિયલ દબાણો સાથે રહેણાંક વિસ્તારમાં પણ ઉભા કરાયેલા દબાણો નિશાના પર આવ્યા છે. ત્યારે સેકટરના વર્ષોથી સેકટરમાં વસવાટ કરે છે. ત્યારે સે-૨૪ માં ચાલતી દબાણો દુર કરવાની કાર્યવાહી ટોક ઓફ ધ ટાઉન બની છે. આડા દિવસોમાં ધમધમતા સેકટરમાં દબાણનુ બુલડોઝર ફરી વળતા ફફડાટ વચ્ચે સ્થાનિકો પણ અપસેટની મુદ્રામાં જોવા મળી રહયા છે. નાના મોટા તમામ વર્ગની વસતી ધરાવતા વેપાર ધંધાથી ધમધમતા સે-૨૪ નો મિજાજ અને જનજીવનનો ધબકાર કાંઈક અલગ છે ત્યારે દબાણતંત્રએ સફાયો બોલાવતા સેકટર સુન્ન પડી ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.જયારે દબાણતંત્રનુ બુલડોઝર કાંઈ નુકશાન પહોંચાડશે તેવી સંભાવનાને ધ્યાને લઈ કેટલાક દબાણકર્તાી સ્વેચ્છાએ દબાણો દુર કરવાની ગતિવિધિ પણ હાથ ધરી છે. આજે પણ તંત્રની ટીમ દ્વારા દબાણોનુ માર્કીંગ કરવાનુ કામ ચાલુ રહ્યુ હતુ. જયારે સે-૨૪ ની સાથે સે-૨૭ માં પણ હાઉસીંગના મકાનોને માર્કીંગ કરી બાકી રહેતા દબાણો દુર કરવામાં આવશે જયારે હાઉસીંગના મકાનોને અનુલક્ષી અન્ય સેકટરોને પણ દબાણમુક્ત કરવા તખતો તૈયાર કરી દેવાયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

# બૅન્કોમાં તાંત્રિક ખામી સર્જાતાં પૅન્શનર્સને પૅન્શન ન મળ્યાં

ગાંધીનગર, તા. ૧

તહેવારોના દિવસોમાં પૅન્શનર્સ માટે તકલીફ ઊભી થઈ છે. શનિવારે બૅન્કોમાં પૅન્શન લેવા માટે ગયેલા પૅન્શનર્સને પૅન્શન નહીં મળ્યાં હોવાની રાવ સામે આવી છે.

પૅન્શનર્સને જાણવા મળ્યું હતું કે તાંત્રિક ખામીને કારણે તેમનાં બૅન્કખાતામાં તેમનાં પૅન્શન જમા થઈ શક્યાં ન હતાં. આ કારણે ન માત્ર બૅન્કતંત્ર પરંતુ પૅન્શનર્સ પણ લાચાર થઈ ગયા હતા.

ઘણીવાર સુધી બૅન્ક દ્વારા અને પૅન્શનર્સ દ્વારા રાહ જોવામાં આવી હતી પરંતુ કામના કલાકો પૂર્ણ થયા સુધી પૅન્શન જમા નહીં થતાં પૅન્શનર્સ માટે તહેવારના દિવસોમાં ચિંતાનું કારણ ઊભું થયું હતું.

MANAGED BY :
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
rudraksh Event Management
We Serve...
- Traditional Food
- Sweets
- South Indian
- Snacks
- Street Food
- Punjabi Food

Unlimited Lunch Rs. 230/-
Pack Lunch Punjabi & Gujarati Rs. 150/-
Contact us : 8871 8871 50 | 99795 59988
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. Bansari Traditional

# ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને માર્ગ-મકાન અને સૌરભભાઈને નાણાંનો વધારાનો કાર્યભાર

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નાયબ મખ્યમંત્રી નીતિનભાઈ પટેલના વિદેશ પ્રવાસ દરમ્યાન તેમના વિભાગોના કાર્યભાર બે કેબિનેટ મંત્રીઓને તેમના પોતાના હાલના વિભાગો ઉપરાંત સોંપ્યા છે. તદઅનુસાર, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા માર્ગ-મકાન, નર્મદા, કલ્પસર અને પાટનગર યોજનાનો વધારાનો કાર્યભાર તેમજ ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ નાણાં, આરોગ્ય પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગનો વધારાનો કાર્યભાર નાયબ મુખ્યમંત્રીના વિદેશ પ્રવાસથી પરત આવતાં સુધી સંભાળશે.

# જિલ્લામાં ખરીફ વાવેતર ૧ લાખ ૨૪ હજાર હેક્ટર સુધી પહોંચી ગયું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર એક લાખ ૨૪ હજાર હેક્ટર સુધી પહોંચી જવા પામ્યુ છે. છેલ્લા પખવાડિયામાં કલોલ અને દહેગામ વિસ્તારમાં થયેલા વરસાદને કારણે દિવેલા, શાકભાજી તેમજ ગુવાર અને ઘાસચારાના પાકનું વાવેતર વધવા પામ્યુ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ડાંગરનું વાવેતર ૧૧,૨૯૬ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૨૩૯૫ હેક્ટરમાં, તુવેરનું વાવેતર ૧૪૭ હેક્ટરમાં, મગનું વાવેતર ૨૪૧૬ હેક્ટરમાં, મઠનું વાવેતર ૧૫૬ હેક્ટરમાં, અડદનું વાવેતર ૭૦૮ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૫૩૪૯ હેક્ટરમાં, તલનું વાવેતર ૬૪૨ હેક્ટરમાં, દિવેલાનું વાવેતર ૧૮,૮૧૧ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૨૩,૯૮૪ હેક્ટરમાં તેમજ ગુવારનું વાવેતર ૧૦,૭૭૨ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૧૨,૧૫૪ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૩૫,૫૩૧ હેક્ટરમાં થવા પામ્યુ છે.

જિલ્લામાં વરસાદની બદલાયેલી પેટર્નને કારણે પહેલીવાર ખેડૂતોએ ખરીફ સિઝનની વાવણી બે તબક્કે કરી છે. દરમ્યાન સરદાર કૃષિનગર દાંતીવાડા અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા સંપન્ન હવામાન પૂર્વાનુમાન બુલેટીનમાં જણાવાયા મુજબ આગામી પાંચ દિવસોમાં આકાશ મોટેભાગે વાદળછાયુ રહેશે અને હળવો વરસાદ પડવાની સંભાવના છે.

મહત્તમ તાપમાન ૨૯-૩૦ ડિગ્રી સેલ્સીયસ અને લઘુત્તમ તાપમાન ૨૩-૨૪ ડિગ્રી સે.ની આસપાસ રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૬ થી ૯૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

જિલ્લામાં આ વખતે શાકભાજી, ગુવાર અને ઘાસચારાનું વાવેતર વધવા પામ્યુ છે. દિવેલાનું પણ વાવેતર લગભગ તેની સરેરાશ જાળવી રાખશે તેવુ મનાઈ રહ્યું છે.

બાળકોને પ્રોત્સાહિત કરીએ...
તમારી આસપાસની દરેક જગ્યાને ગ્રીન મીત્રો (પ્લાન્ટ્સ)થી સજાવીને શુદ્ધ હવા, આંખને ઠંડક, મનમાં પોઝીટીવીટી અને સ્ટ્રેસ વગરનું નેચરલ વાતાવરણ ઉભુ કરીએ...
દરેક શુભપ્રસંગે મીની પ્લાન્ટ ગીફ્ટ આપીએ...
Lush PLANTS
પ્લોટ નં. ૧૨૪૨/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર. મો. 98248 33440
Email : bindidave75@gmail.com
બોનસાઈ, મીનીએચર ગાર્ડન (ટ્રે ગાર્ડન), ડેકોરેટીવ પ્લાન્ટ્સ, સીરામીક પોટ, ડેકોરેટીવ સ્ટોન, ખાતર અને દવા. બાલ્કની, કોર્ટીયાર્ડ અને લેન્ડસ્કેપીંગ માટે સંપર્ક કરો.

# સે. ૨૪ના ગેરકાયદે દબાણો મામલે કલેક્ટરે ઉચ્ચસ્તરીય બેઠક યોજી

ગાંધીનગર, તા. ૧

સે. ૨૪ના દબાણોને લઈ આજે એક ઉચ્ચસ્તરીય બેઠકમાં કલેક્ટરશ્રી લાંગાએ જાહેર માર્ગ પર અડચણરૂપ દબાણોને દૂર કરવા તેમજ હાઉસીંગ બોર્ડના અધિકારીઓને પણ થયેલા દબાણો અંગે માર્કિંગ કરી લોકોને જાતે દૂર કરવા સમજાવવા જણાવ્યુ છે. લાંગાએ બેઠકમાં જણાવ્યુ હતુ કે કોમર્શિયલ વિસ્તારમાં ગેરકાયદે દબાણો પણ દૂર કરવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે તંત્ર લોકોને ખોટી હાડમારીનો સામનો ના કરવો પડે તે રીતે દબાણ હટાવવાની કામગીરી કરે. તેમણે જણાવ્યુ હતુ કે દબાણો જે જાહેર માર્ગ અને આંતરિક માર્ગમાં અડચણરૂપ થતા હોય તો પહેલાં જાહેર માર્ગના દબાણો દૂર કરવા અને આંતરિક માર્ગને અવરોધતા દબાણો દૂર કરવા માટે નોટીસ આપી લોકોને જાતે દૂર કરવા સમજાવવા નહિતો તંત્ર પછી આગળ વધશે. આ દબાણો અંગે આજે સે. ૨૪ના કેટલાક આગેવાનો, હાઉસીંગ બોર્ડના અધિકારીઓ તેમજ મનપાના પણ અધિકારીઓ હાજર રહ્યા હતા. જિલ્લા કલેક્ટરશ્રીએ માનવીય અભિગમ પર અને લોકોને વધુ પડતી હાડમારી ના થાય તે જોવા પણ આગ્રહ રાખ્યો હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં ચોમાસાની સિઝનનો માત્ર ૩૮.૭૯ ટકા વરસાદ જ નોંધાયો છે

### વરસાદ ખેંચાતાં રવિ સીઝન પર તેની વિપરીત અસરોનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે

ગાંધીનગર, તા. ૧

ચોમાસુ વિદાય થવાની આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૮.૭૯ ટકા વરસાદ સિઝનનો નોંધાયો છે.

જિલ્લામાં સૌથી ઓછો વરસાદ માણસા તાલુકામાં ૨૬.૯૯ ટકા અને સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ૪૮.૫૪ ટકા નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં ૩૮ ટકા તો કલોલમાં ૪૧.૮૯ ટકા વરસાદ નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે સિઝનમાં અત્યાર સુધીમાં ૩૯૪ મિ.મિ., ગાંધીનગરમાં ૨૭૨ મિ.મિ., કલોલમાં ૩૨૯ મિ.મિ. અને માણસામાં ૨૨૩ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સરેરાશ વરસાદ ચોમાસા દરમ્યાન ૭૮૫ મિ.મિ. નોંધાતો હોય છે જેની સામે અત્યાર સુધીમાં ૩૦૫ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં વરસાદની જે ઘટ રહેવા પામી છે તેની સીધી વિપરીત અસરો રવિ સીઝનના વાવેતર પર પડવાનો ભય સૌને સતાવી રહ્યો છે. આ ઉપરાંત આગામી દિવસોમાં પીવાના પાણીની સમસ્યા પણ ઉભી થવાની ચિંતા ગ્રામ્ય વિસ્તારમાં સૌને સતાવી રહી છે.

જિલ્લામાં વરસાદની બદલાયેલી પેટર્નને કારણે આ વખતે ખેડૂતોએ પણ બે તબક્કે વાવેતર કર્યુ છે જે જિલ્લાના કૃષિ ઈતિહાસમાં છેલ્લા ચાર દસકાની પહેલી ઘટના હશે.

૨૦૧૨માં પણ જિલ્લામાં શરૂઆતમાં ઓછો વરસાદ નોંધાયો હતો અને પાછોતરો વરસાદ સારો થયો હતો. ચોમાસાના દિવસો સામન્યતઃ ૧૫ સપ્ટેમ્બર સુધીના ગણાતા હોય છે પણ આ વખતે કદાચ ચોમાસુ લંબાય તેવી શક્યતાઓ પણ જોવાઈ રહી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com